અન્ય પછાત વર્ગો/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે "ઉન્નત વર્ગ" માં સમાવેશ થતો નથી તેવુ પ્રમાણપત્ર મેળવવા આવક મર્યાદા વધારવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક : સશપ/૧૨/૨૦૧૭/૫૪૪૩૪૧/અ

સચિવાલય, ગાંધીનગર

તા. ૦૪/૧૦/૨૦૧૭

વંચાણે લીધા:

(૧) ભારત સરકારના પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સ અને પેન્શન મંત્રાલયના તા.૮/૯/૯૩ નું ઓફિસ મેમોરેંડ્મ ક્રમાંક:૫૩૬૦૧૨/૨૨/૯૩ ઈએસટી(એસસીડી)

(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧/૧૧/૯૫ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૮/૬/૯૯ નો પરિપત્ર ક્રમાંક:સશપ/૧૪૯૯/મ.૧૫/અ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૧૨/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૯૮/મ.૨૩૮/અ

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૫/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૯૮/મ.૨૩૮/અ

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૯/૮/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૧/૨૦૦૯/૨૯૭૩૬૮/અ

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧/3/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨/૨૦૧3/3૯૯૮૯૮/અ

(૮) ભારત સરકારના પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સ અને પેન્શન મંત્રાલયના તા.૧3/૦૯/૨૦૧૭નું ઓફિસ મેમોરેંડ્મ ક્રમાંક:3૬૦33/૧/૨૦૧3/ઈએસટી(આરઈએસ)

આમુખ:

વંચાણે લીધા ક્રમાંક:૭માં દર્શાવેલ આ વિભાગના તા.૧/3/૧૪ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨/૨૦૧3/3૯૯૮૯૮/અ થી રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી

ઉન્નત વર્ગ(Creamy Layer)માંથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા રૂ.૬.૦૦ લાખ નિયત કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક:૮માં દર્શાવેલ ભારત સરકારના પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સ અને પેન્શન મંત્રાલયના તા.૧૩/૦૯/૨૦૧૭ના ઓફિસ મેમોરેંડમ ક્રમાંક: ૩૬૦૩૩/૧/૨૦૧૩/ઈએસટી(આરઈએસ) થી ભારત સરકારે અન્ય પછાત વર્ગો પૈકી ઉન્નત વર્ગ(Creamy Layer)માંથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા રૂ.૮.૦૦ લાખ નિયત કરેલ છે. સામાન્ય રીતે બિનઉન્નત વર્ગમાં આવવા માટે રાજ્ય સરકાર ભારત સરકારની નીતિને અનુસરે છે, જે અન્વયે રાજ્ય સરકારની નોકરીઓ તથા ઉચ્ચ શિક્ષણ માટેની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ વખતે અનામતના લાભ માટે રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઉન્નત વર્ગ (Creamy Layer)માંથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા રૂ.૬.૦૦ લાખમાંથી વધારી રૂ.૮.૦૦ લાખ કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

## <u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાના અંતે રાજ્ય સરકાર સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ પૈકી ઉન્નત વર્ગમાંથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા રૂ.૬.૦૦ લાખથી વધારી રૂ.૮.૦૦ લાખ કરવાનું ઠરાવે છે. આ વધારેલ રૂ.૮.૦૦ લાખની આવક મર્યાદા તા.૧/૯/૨૦૧૭થી અમલમાં આવશે.

અત્રે સ્પષ્ટતા કરવાની થાય છે કે રૂ.૮.૦૦ લાખની આ આવક મર્યાદા આ વિભાગના તા.૧/૧૧/૧૯૯૫ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ ના પરિશિષ્ટ-૬(ક) માં જણાવેલ છ માપદંડો(parameters) પૈકીનો એક માપદંડ છે. છ માપદંડ પૈકીના અન્ય પાંચ માપદંડો યથાવત રહેશે.

ઉન્નત વર્ગ (Creamy Layer) માટેની આ આવક મર્યાદા સિવાયની અન્ય શરતો અને જોગવાઈઓ રાજ્ય સરકારે વખતો વખતના ઠરાવોથી નક્કી કર્યા મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિકસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી, રાજભવન, ગાંધીનગર.*

- માન. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. સંસદિય સચિવશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, બ્લોક-૨, સચિવાલય, ગંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯,ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.*
- સચિવ શ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.*
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ).
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી.
- તમામ ખાતાના વડાઓ.
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.).
- ના.સે.અધિ.શ્રી. સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

--------

* પત્ર દ્વારા.